ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૫.૭ ડીગ્રી
લઘુતમ : ૧૯.૦ ડીગ્રી
ભેજ
સવારે ૪૬ ટકા ● સાંજે ૨૩ ટકા

# શહેરમાં યોજાઈ વિશાળ મહિલા રેલી

## બેટી બચાવો-બેટી પઢાઓનો સંદેશ જન-જન સુધી પહોંચ્યો

### ૧૦ હજાર થી વધુ માતૃશકિત-બહેનો-દિકરીઓ સહિત મહિલા બાઈકર્સ-ઘોડેશ્વાર-મહિલા પોલીસ બેન્ડ આકર્ષણનું કેન્દ્ર







ગાંધીનગર, તા.૮

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ગરિમામય ઉજવણી રૂપે ગાંધીનગરમાં 'બેટી બચાવો-બેટી પઢાઓ' જનજાગૃતિ રેલીને પ્રસ્થાન કરાવતાં સ્ત્રી ભ્રૂણ હત્યા મુકત ગુજરાતના નિર્માણની નેમ વ્યકત કરી હતી.

મુખ્યમંત્રીશ્રીએ પાટનગરની સિવિલ હોસ્પિટલથી આ રેલીને નગરના રાજમાર્ગો પર પ્રસ્થાન કરાવ્યું હતું. ૧૦ હજારથી વધુ માતા-બહેનો-દિકરીઓ આ મહારેલીમાં જોડાઈ હતી. મહિલા બાઈકર્સ, મહિલા ઘોડેશ્વાર અને મહિલા પોલીસ બેન્ડે રેલીની આગેવાની કરી હતી.

શ્રી વિજયભાઈ રૂપાણીએ આ પ્રસંગે જણાવ્યું કે, 'નારી તું નારાયણી'નો સનાતન ભાવ આપણે સાકાર કર્યો છે. આ સંદર્ભમાં તેમણે સ્પષ્ટપણે કહ્યું કે જે સમાજ મહિલાશકિતનું ગૌરવ-સન્માન જાળવતો નથી તે પ્રગતિ-વિકાસ સાધી શકે જ નહિ. મુખ્યમંત્રીશ્રીએ ઘટતા જતા સ્ત્રી જન્મદર પ્રત્યે અંગૂલી નિર્દેશ કરતાં સ્ત્રી-પુરૂષ સંતુલન જાળવવા રાજ્યમાં દિકરી જન્મને પ્રોત્સાહિત કરવા સૌને અનુરોધ કર્યો હતો.

શ્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્યમાં સમગ્ર વર્ષ દરમિયાન બેટી બચાવો-બેટી પઢાઓનું જનઆંદોલન રાજ્ય સરકાર પ્રજા સહયોગથી ચલાવશે તેમ પણ ઉમેર્યુ હતું. તેમણે સ્ત્રી ભ્રૂણ હત્યા કરાવનાર સામે કાયદેસરની નિયમાનુસાર કડક કાર્યવાહી કરવાનો પણ પૂનરોચ્ચાર કર્યો હતો.

તેમણે નારીશકિતને અનેકાનેક અવસરો આપીને પુરૂષ સમોવડી બનાવવાના રાજ્ય સરકારના સફળતમ પરિણામકારી પ્રયાસોની ભૂમિકા આપી હતી.

મુખ્યમંત્રીશ્રીએ માત્ર દિકરી જ સંતાન હોય તેવાં પાંચ દંપતિઓનું સન્માન કર્યુ હતું.

મહિલા-બાળ કલ્યાણ રાજ્યમંત્રી શ્રીમતી વિભાવરીબહેન દવેએ સૌને સ્ત્રી ભ્રૂણ હત્યા નિવારણ માટેના સામૂહિક શપથ લેવડાવ્યા હતા.

આ પ્રસંગે જિલ્લા કલેકટર શ્રી સતીશ પટેલે મહાનુભાવોનું સ્વાગત કર્યુ હતું. આ વેળાએ પાણી પૂરવઠા મંત્રી શ્રી પરબતભાઈ પટેલ, મહિલા અને બાળ કલ્યાણ વિભાગના રાજય મંત્રી શ્રી વિભાવરીબેન દવે, મેયર શ્રી પ્રવિણભાઈ પટેલ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના અગ્ર સચિવ શ્રી જયંતિ રવિ, મહિલા અને બાળ વિકાસ વિભાગના સચિવ શ્રી મિલિન્દ તોરવણે, જિલ્લા વિકાસ અધિકારી શ્રી દેવાંગ દેસાઈ, ગાંધીનગર મહાનગરપાલિકાના કમિશનર શ્રી ડી.એન.મોદી, પદાધિકારીઓ અને વરિષ્ઠ સચિવો તેમજ વિશાળ સંખ્યામાં માતૃશકિત, NGOના કાર્યકરો, દિકરીઓ, બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

# કલેકટર કચેરી બહાર આધેડનો આત્મવિલોપનનો પ્રયાસ

## નોકરીમાંથી કાઢી મુકાયેલા પુર્વ કર્મચારીએ પરિવાર સાથે આત્મવિલોપનની ચિમકી આપી હતી : કચેરી બહાર શરીરે કેરોસીન છાંટયુ ને દિવાસળી ચાંપે તે પહેલા જ પોલિસ અને ફાયરબ્રિગેડની ટીમે પકડી લીધા



ગાંધીનગર, તા.૮

દહેગામનાં લવાડ ગામના આધેડને નિગમે નોકરીમાંથી કાઢી મુકયા હતા. નોકરીમાં પરત લેવા અનેક રજુઆત છતાં કોઈ પરિણામ ન મળતા પરિવાર સાથે કલેકટર કચેરી બહાર આત્મવિલોપન કરી લેવાની ચિમકી આપી હતી. આજે સવારે કલેકટર કચેરી બહાર આવીને આધેડે પોતાના શરીરે કેરોસીન છાંટી દીધું હતું. શરીરે દિવાસળી ચાંપે તે પહેલા જ પોલિસ અને ફાયરબ્રિગેડની ટીમે તેને પકડી લઈ હોસ્પિટલ લઈ જવાયો હતો. આધેડના આત્મવિલોપનના પ્રયાસની ઘટનાને પગલે પાટનગરમાં ચકચાર મચી જવા પામી હતી.

મળતી માહિતી મુજબ દહેગામ તાલુકાના લવાડ ગામના નટવરસિંહ ચૌહાણ પહેલા કોઈ નિગમમાં નોકરી કરતા હતા. નોકરીમાંથી કેલાક કારણોસર તેમને કાઢી મુકાયા હતા. વર્ષોથી નોકરી ઉપર પરત લેવા લડત ચલાવી રહ્યા હતા. દરમિયાન ગાંધીનગર કલેકટરને રહેમરાહે પુનઃ નોકરી અપાવવા અરજી કરી ન્યાયની માંગ કરી હતી. જો ન્યાય નહીં મળે તો પરિવારના સભ્યો સાથે આજે આત્મવિલોપન કરી લેશે તેવી ચિમકી આપી હતી. આ ચિમકીને પગલે ગાંધીનગર એલસીબી પી.આઈ. જે.ડી. પુરોહિત તથા તેમની ટીમ અને ફાયરબ્રિગેડના ઓફીસર મહેશ મોડની ટીમ કલેકટર કચેરી બહાર તૈનાત હતી. દરમિયાન પહેલા નટવરસિંહ ચૌહાણનું પરિવાર આવ્યું અને ત્યારબાદ નટવરસિંહ બોટલમાં કેરોસીન લઈને કલેકટર કચેરી આવી પહોંચ્યા હતા. કલેકટરને મળવા જતા પહેલા જ તેમણે પોતાના શરીરે કેરોશીન છાંટવાનું શરુ કરી દીધું હતું. પોલિસ અને ફાયરબ્રિગેડનું ધ્યાન પડતા તાત્કાલીક તેની પાસે ટીમો દોડી અને આગચંપી કરી દે તે પહેલા જ પકડી લઈ નટવરસિંહને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવાયો હતો. પોલિસ અને ફાયરબ્રિગેડની સમય સુચકતાને કારણે આત્મવિલોપનનો પ્રયાસ નિષ્ફળ રહ્યો હતો.

# છાલા ગામે 'બેટી વધાવો' રેલી દ્વારા વિશ્વ મહિલા દિવસની ઉજવણી



ગાંધીનગર, તા.૮

ગાંધીનગર તાલુકાના છાલા ગામે તાલુકા આરોગ્ય કચેરી, પ્રાંતિયા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર તેમજ કે.એમ. શાહ સર્વોદય હાઈસ્કુલના સંયુકત ઉપક્રમે વિશ્વ મહિલા દિવસની ઉજવણી અંતર્ગત 'બેટી વધાવો' રેલી દ્વારા લોકજાગૃતિ અભિયાન ચલાવવામાં આવ્યું હતું.

છાલા ગામમાં 'દિકરો-દિકરી એક સમાન', 'બેટી પઢાઓ', 'બેટી બચાવો', 'સ્ત્રી ભ્રૂણ હત્યા મહાપાપ છે' વગેરે સૂત્રોચ્ચાર સથે 'બેટી વધાવો' રેલી કાઢવામાં આવી હતી. રેલીમાં તાલુકા આરોગ્ય કચેરીના આઈ.ઈ.સી. અધિકારી રાજેન્દ્ર પટેલ, શાળાના આચાર્ય છબીલદાસ પટેલ તેમજ શાળા પરીવાર સહિત ૩૦૦ વિદ્યાર્થીઓ જોડાયા હતા. આ ઉપરાંત, પ્રાંતિયાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના આરોગ્ય કર્મચારી પ્રફુલ્લ પટેલ, આશા ફેસીલીટેટર જૈસ્મીનાબેન તેમજ આશાવર્કર બહેનો ઉપસ્થિત રહ્યા હતા. રેલીનું આયોજન તાલુકા હેલ્થ કચેરી તેમજ પ્રાંતિયા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના આરોગ્ય કર્મચારીઓ દ્વારા કરવામાં આવ્યું હતું.

# 'બેટી બચાવો બેટી વધાવો' નન્હી પરી અવતરણ કાર્યક્રમ

## ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે નવજાત દીકરીઓના માતા-પિતાનું ચાંદીનો સિક્કો-મિઠાઇ બોક્સને ગુલાબના ફુલ દ્વારા સન્માન કરતા અધ્યક્ષશ્રી



ગાંધીનગર, તા.૮

રાજ્ય વિધાનસભાના અધ્યક્ષ શ્રી રાજેન્દ્ર ત્રિવેદીએ આંતરરાષ્ટ્રીય મહિલા દિન તા.૮મી માર્ચ-૨૦૧૮ના રોજ જન્મેલી નવજાત દીકરીઓના અવતરણને વધાવતા જણાવ્યું હતું કે, જેટલું જગત સુંદર છે એથી પણ દીકરીઓ સુંદર અને વ્હાલી હોય છે. દીકરી માતા-પિતા માટે દીકરાથી પણ વ્હાલસોયી હોય... એમ જણાવતા અધ્યક્ષશ્રીએ રાજ્ય સરકારના બેટી બચાવો બેટી વધાવો અને નન્હી પરી અવતરણ કાર્યક્રમને દીકરીઓના મહત્વને મૂઠી ઊંચેરૂ સ્થાપિત કરવાના પ્રયાસરૂપ ગણાવ્યા હતા.

અધ્યક્ષ શ્રી રાજેન્દ્ર ત્રિવેદીએ ગાંધીનગરની સરકારી હોસ્પિટલ ખાતે આજના દિવસે અવતરણ પામેલી નવજાત બાળાના માતા-પિતાને લક્ષ્મીજી અને સરસ્વતીજીની પ્રતિમા સાથેનો પાંચ ગ્રામ ચાંદીનો સિક્કો, વસાણા કીટ, મીઠાઈનું બોક્સ અને ગુલાબના ફુલ દ્વારા સન્માન કરી નન્હી પરી અવતરણની શુભેચ્છા પાઠવી હતી.

અધ્યક્ષશ્રીએ જણાવ્યું હતું કે, દીકરીના જન્મની પ્રસન્નતા કાયમી રહે અને દીકરીને એટલું જ મહત્વ મળે જેટલું દીકરાને મળે તે માટે રાજ્ય સરકારે સઘન પ્રયાસો હાથ ધર્યા છે. તેમણે આ કાર્યક્રમ સમગ્ર સમાજમાં જનઅભિયાન બને તેમ પણ જણાવ્યું હતું.

આ પ્રસંગે કેટલાક માતા-પિતાએ 'નન્હી પરી અવતરણ' કાર્યક્રમ ઉપરથી પ્રેરણા લઈને તેમની દીકરીનું નામ પરી રાખવાનું પણ નક્કી કર્યુ હતું. દીકરીઓ માટે 'અનૂનિતા' શબ્દ વપરાય છે એટલે કે ફરી ફરીને લાડ કરાવવા યોગ્ય... એવી દીકરી હંમેશા મા-બાપ માટે વ્હાલનો દરિયો અને સૌથી વધુ વ્હાલસોયી હોય છે તો પછી સ્ત્રી ભ્રુણ હત્યા કેમ? એ વિશે વિચારી સમાજે આ કલંકને ભૂંસવું પડશે. આ પ્રસંગે જિલ્લા કલેકટર શ્રી સતીષ પટેલ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી દેવાંગ દેસાઈ, ગાંધીનગર મહાનગરપાલિકાના કમિશનર શ્રી ડી.એન.મોદી સહિતના ઉચ્ચ અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

# પારૂલ એસ. ફાઉન્ડેશન દ્વારા બહેરા-મૂંગા વિદ્યાલય ખાતે મહિલા જાગૃતિ કાર્યક્રમ

ગાંધીનગર, તા.૮

પારૂલ એસ. ફાઉન્ડેશન દ્વારા મહિલા જાગૃતિ અભિયાન પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ-દહેગામ સંચાલિત બહેરા-મૂંગા વિદ્યાલય ખાતે મહિલા જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં શહેરની નર્સિંગ કોલેજની વિદ્યાર્થીનીઓ દ્વારા બોડી ચેકઅપ તેમજ સ્વાસ્થ્યલક્ષી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.



શહેરની સી.એમ. પટેલ નર્સિંગ કોલેજની અનુસ્નાતક કક્ષાની વિદ્યાર્થીનીઓ ચૌહાણ રોશની, સુરાણી ધ્રુવી, મુકતા સિંગ, કરિશ્મા સુથાર, રાઠોડ મેઘા, રાઠોડ આકાંક્ષા, પટેલ દષ્ટિ, અમીન લોપા, ચૌહાણ શીખા વગેરેએ ઉપસ્થિત સૌનું બોડી ચેકઅપ કરીને તેમને સ્વાસ્થ્ય લક્ષી માર્ગદર્શન પુરું પાડયું હતું. આ પ્રસંગે બહેરા-મૂંગા શાળાના શિક્ષકો, દહેગામ સેવાભાવી અગ્રણી યોગેશ પી. જનસારી, સ્થાનિક વસાહતી મહિલાઓ, પારૂલ એસ. ફાઉન્ડેશનના પ્રમુખ સંજય ડોડીયા, મહામંત્રી નટવરસિંહ ચૌહાણ દ્વારા પ્રાસંગિક પ્રવચન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં પારૂલ એસ. ફાઉન્ડેશન દ્વારા શાળાની બાળઓને અલ્પાહાર તેમજ આઈસ્ક્રીમનું વિતરણ કરવામાં આવ્યું હતું.



ગાંધીનગરમાં વિશ્વ મહિલા દિવસની ઉજવણી જોશભેર કરવામાં આવી હતી. મહાનગરપાલિકાના વોર્ડ નં. ૮માં સે-૩ ન્યુના શિવ-શકિત મંદિર ખાતે સ્થાનિક નગરસેવિકા પાયલબેન મેણાત દ્વારા કેક કાપીને આ ગૌરવ દિન ઉજવવાનું આયોજન કરાયું હતું. જેમાં સેકટરના સૌથી વયોવૃધ્ધા મહિલા સમજુબેન પટેલના હસ્તે કેક કાપવામાં આવી હતી. આ પ્રસંગે પાયલબેન મેણાતે તમામ મહિલાઓને ગુલાબનું ફુલ આપી શુભેચ્છાઓ પાઠવી હતી.

# સે-૧૬ સરકારી પ્રાથમિક શાળાનો વાર્ષિકોત્સવ ઉજવાયો





ગાંધીનગર, તા.૮

ગાંધીનગરના સેકટર-૧૬ ખાતેની સરકારી પ્રાથમિક શાળાનો વાર્ષિકોત્સવ તાજેતરમાં ઉજવાઈ ગયો. જેમાં બાળકોના સાંસ્કૃતિક કાર્યક્રમ ઉપરાંત સમગ્ર વર્ષ દરમિયાન શાળામાં ઉત્તમ પ્રવૃત્તિ કરનાર વિદ્યાર્થીઓને સન્માનવામાં આવ્યા હતા. આ સાથે શાળાના રમતવીરો, શિષ્યવૃત્તિ પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓ, ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં તથા માનંક ઈન્સ્પાયર એવોર્ડમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને પણ સન્માનવામાં આવ્યા હતા. વાર્ષિકોત્સવ માટે આઈઆઈટીઈના તાલીમાર્થીઓએ જહેમત ઉઠાવી કાર્યક્રમને રોચક બનાવ્યો હતો.

સેકટર-૧૬ સરકારી પ્રાથમિક શાળાના વાર્ષિકોત્સવમાં વિદ્યાર્થીઓએ વિવિધ ૧૦ જેટલી સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરીને સમગ્ર કાર્યક્રમને રંગારંગ બનાવી દીધો હતો. શાળાના વાર્ષિકોત્સવમાં ગાંધીનગરના શાસનાધિકારી છાયાબેન રાવલ, રઝિયાબેન અને પલકબેને બાળકોને ઈનામો આપી પ્રોત્સાહિત કર્યા હતા. ઉપરાંત શાળાની આદર્શ વિદ્યાર્થીની વર્ષા પ્રજાપતિને વાર્ષિકોત્સવમાં વર્ષ દરમિયાન શાળામાં ઉત્કૃષ્ઠ પ્રવૃત્તિઓ કરનાર વિદ્યાર્થીઓ વિસ્મા દંતાણી અને અજય મકવાણા સ્મૃતિચિહ્ન તથા પ્રમાણપત્ર આપી સન્માનવામાં આવ્યા હતા. આ સાથે શાળાના વાર્ષિક રમતોત્સવના વિજેતા રમતવીરો, રાજય પરીક્ષા બોર્ડની એનએમએમએસ તેમજ ધોરણ ૫ અને ૮ની શિષ્યવૃત્તિની પરીક્ષામાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓ, ગણિત-વિજ્ઞાન પ્રદર્શન અને માનક ઈન્સ્પાયર એવોર્ડમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને પણ સ્મૃતિચિહ્ન-પ્રમાણપત્રોથી સન્માનવામાં આવ્યા હતા. વાર્ષિકોત્સવને સફળ બનાવવા શાળાના મદદનીશ શિક્ષકો દીનાબેન, નયનાબેન, સ્મિતાબેન, ગીતાબેન, ફાલ્ગુનીબેન અને મંજુલાબેને માર્ગદર્શક તથા દાતાની બેવડી ભૂમિકા ભજવી હતી.

## વાતવાતમાં

● સે-૧૫ ખાતેના સાઈ સંકુલનો વહીવટી સ્ટાફ ત્રણ દિવસના રાજસ્થાનના પ્રવાસે જઈ રહ્યો છે. સ્ટાફ મિત્રોએ એકબીજાના સહકારથી આ ટુરનું આયોજન કર્યુ છે.

● વિશ્વ મહિલા દિન નિમિત્તે વહેલી સવારથી સરકારી કચેરીઓના કર્મચારીઓ મહિલા દિનની ઉજવણીના કાર્યક્રમોમાં વ્યસ્ત બનતા જિલ્લા વહીવટી કચેરીઓ સહિતની મોટાભાગની કચેરીઓ બપોરે સુમસામ બની હતી. તેમજ સોશ્યલ મિડીયા પર પણ નગરજનોએ વિશ્વ મહિલા દિન નિમિત્તે એકબીજાને શુભેચ્છા પાઠવતા સંદેશા મોકલ્યા હતા.

## આજે ઉદગમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ઉદગમ વુમન એચિવર્સ એવોર્ડ સમારોહ યોજાશે

ગાંધીનગર, તા.૮

ઉદ્ગમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આજે શુક્રવારે સે-૧૭ સ્થિત સ્ટાફ ટ્રેનીંગ કોલેજના ઓડિટોરીયમમાં બપોરે ૩ થી ૫ કલાક દરમિયાન નવમા ઉદ્ગમ વુમન એચિવર્સ એવોર્ડનું આયોજન કરવામાં આવ્યું છે.

૯મી માર્ચે યોજાનારા એવોર્ડ ફંકશનમાં સાહિત્ય, આંત્રપ્રિન્યોર, સમાજસેવા, એજ્યુકેશન, આર્ટ અને કલ્ચર તેમજ પત્રકારત્વ જેવા વિવિધ ક્ષેત્રની લગભગ ૧૮૭ જેટલી મહિલાઓને એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવશે. કાર્યક્રમમાં ગોલ્ડન કતાર આર્મી વાઈવ્સ વેલ્ફેર એસો.ના ચેરપર્સન ડૉ. સોન્યા પુરી તેમજ બ્રીટીશ ડેપ્યુટી હાઈકમિશનર જયોફ વેઈન અને મલાવી હાઈ કમિશનના ફર્સ્ટ સેક્રેટરી જુલિયાના સોમ્બા-બાન્ડા ઉપસ્થિત રહેશે.

## રેઈનબો ઈવેન્ટ દ્વારા એક્ઝિબિશન યોજાશે

ગાંધીનગર, તા.૮

સ્ત્રી સશકિતકરણના પ્રતિક સમાન રેઈનબો ઈવેન્ટ એક્ઝિબિશન તા. ૧૦ અને ૧૧મી માર્ચના રોજ એમ બે દિવસ સૌરાષ્ટ્ર પટેલ વાડી સેકટર-૭માં યોજાશે. જેમાં ગૃહિણીઓ તથા દિકરીઓને પોતાની કળા-આવડત પ્રદર્શિત કરવાની તક મળશે. હાથ બનાવટની ઈમિટેશન જવેલરી, કપડાં હોમ ડેકોરેશનની વસ્તુઓ લેડિઝ, કીડઝ, વેસ્ટનવેર પણ ખરીદી શકાશે સાથે ફૂટકોર્ટની મજા તો ખરી જ. તો ગાંધીનગરના નાગરિકોને હાર્દિક આમંત્રણ આપવામાં આવેલ છે.

## ઓપન ગુજરાત સીંગીગ રીયાલીટી શો 'સુરતાજ ગુજરાત'ના ઓડીશનનું આયોજન

ગાંધીનગર, તા.૮

સુરતાજ ગુજરાત દ્વારા તા. ૧૧મી માર્ચ ૨૦૧૮ને રવિવારના રોજ સવારે ૯ થી ૧૨ અને બપોરે ૧ થી ૪ કલાક દરમિયાન 'ઓપન ગુજરાત સીંગીગ રીયાલીટી શૉ'ના ગાંધીનગર-અમદાવાદ માટે ઓડીશનનું આયોજન કરવામાં આવેલ છે. ઓડીશન માટે સ્મિત મ્યુઝીક સ્ટુડીયો, બી-૧૩, બિઝનેશ પાર્ક, પીડીપીયુ યુનિ. રોડ, રાયસણ, ગાંધીનગર ખાતે હાજર રહેવા જણાવાયું છે. રજીસ્ટ્રેશન માટે કૌશિક વ્યાસ ૯૯૭૪૦૨૮૫૭૨ અને અંકિત વ્યાસ ૮૧૨૮૮૯૫૦૯૨નો સંપર્ક કરવાનો રહેશે. ઓડીશન સમયે પણ રજીસ્ટ્રેશન ચાલુ રહેશે તેમ સ્મિત મ્યુઝીકના શ્રવણકુમાર પરમારે જણાવ્યું છે.

## ચિરવિદાય

- સ્વ. ચૌહાણ ડાહ્યાભાઈ બબાભાઈ, ઉ.વ. ૬૪
- સ્વ. રબારી કહરબેન લેબાભાઈ, ઉ.વ. ૧૦૦
- સ્વ. કમળાબેન નાનજીભાઈ મકવાણા, ઉ.વ. ૬૭
- સ્વ. પટેલ બિપીનચંદ્ર ગુલાબભાઈ, ઉ.વ. ૫૩